મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૪.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૯ ટકા
ગાંધીનગર તાપમાન

પેપર લીક કૌંભાડના આરોપીઓ સિવિલમાં આવતા હોબાળો

ઉમેદવારો અને એનએસયુઆઈના કાર્યકરોએ ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કર્યા, કાર્યકરોને દુર ખસેડવા પોલીસે લાઠી ઉગામવી પડી, બે કાર્યકરોની અટકાયત

ગાંધીનગર, તા.૪

લોક રક્ષક પેપર લીક કૌંભાડના આરોપીઓને આજરોજ રિમાન્ડ દરમિયાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મેડીકલ તપાસ માટે લાવવામાં આવ્યા હતા. ગાંધીનગર સિવિલ આરોપીઓને તપાસ માટે લાવવાના હોવાથી ઉમેદવારો અને એનએસયુઆઈના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ચારેય આરોપીઓની મેડીકલ તપાસ સિવિલના ઈમરજન્સી વિભાગ ખાતે કરવામાં આવી હતી. તમામ આરોપીઓના રીપોર્ટ નોર્મલ આવ્યા છે. આરોપીઓને પરત લઈ જતી વખતે એનએસયુઆઈના કાર્યકરોએ ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કરી હોહા મચાવતા પોલીસને લાઠી ઉગામવાની ફરજ પડી હતી. જેમાં કેટલાક દર્દીઓને પણ લાઠી ખાવી પડી હતી. જયારે પોલીસે બે કાર્યકરોની અટકાયત કરી હતી. જયારે તાત્કાલીક સારવાર વિભાગમાં આવેલા દર્દીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

સમગ્ર ગુજરાતમાં પેપર લીક કૌંભાડ ગાજયું છે. દરેક વ્યકિતના મોઢે આ વાત છે. આ કેસને પગલે ઉમેદવારો અને વિરોધપક્ષના આગેવાનો સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા છે. લોકરક્ષકના પેપર લીક પ્રકરણમાં પોલીસ તંત્રએ ચાર આરોપીઓની અટકાયત કરીને વધુ પુછપરછ માટે રિમાન્ડ મેળવ્યા છે. ત્યારે રિમાન્ડ દરમિયાન આજરોજ સવારે ૧૨ કલાકના અરસામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ચારેય આરોપીઓને લઈ પોલીસ ટીમ તેઓના મેડીકલ ચેપઅપ માટે આવી પહોંચી હતી. સિવિલના તાત્કાલીક વિભાગમાં પદ્માવતી ઉર્ફે રૂપલ શર્મા, મનહર પટેલ, મુકેશ ચૌધરી અને પી.વી.પટેલને લઈને આવી હતી. તેમાં રૂપલ શર્માએ છાતીમાં દુખાવાની ફરીયાદ કરતા ઈસીજી ટેસ્ટ કરાવ્યો હતો પરંતુ તે ટેસ્ટ નોર્મલ આવ્યો હતો. તેમજ અન્ય એક આરોપીએ પગમાં દુખાવાની ફરિયાદ ડોકટરને કરી હતી. પરંતુ ડોક્ટરે તમામના જરુરી રિપોર્ટ કઢાવ્યા હતા, તમામ ચારેય આરોપીઓને ગંભીર કોઈ બિમારી નથી તેવું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. પરંતુ તમામ આરોપીઓના રીપોર્ટ નોર્મલ આવ્યા હતા. તમામ આરોપીઓ શરીરે સ્વસ્થ અને તંદુરસ્ત જણાયા હતા. જયારે તેઓ અન્ય કોઈ રોગ કે બિમારીથી પિડાતા હોવાનું ધ્યાને આવ્યું નથી. પેપર કૌંભાડીઓને લઈ પોલીસ આવવાની હોવાથી સિવિલ કેમ્પસમાં સવારથી જ ઉમેદવારો અને એનએસયુઆઈના કાર્યકરોની ભીડ જામી હતી. સિવિલના તાત્કાલીક વિભાગમાંથી આરોપીઓના મેડીકલ તપાસ બાદ પરત લઈ જતી વખતે કાર્યકરોએ હાય રે ભાજપ હાય હાય... ના નારા લગાવી સરકાર વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતા. તે સમયે પોલીસનો વધુ ભીડ જામતા એક સમયે લાઠી ઉગામવાની જરૂરીયાત ઉભી થઈ હતી. જેમાં કેટલાક દર્દીઓ તેમજ સગાઓ પણ લાઠીઓનો શિકાર બન્યા હતા. જયારે એક તબક્કે પોલીસને પણ ભીડ હટાવવામાં પસીનો વળી ગયો હતો. જયારે બે કાર્યકરોની પોલીસે અટકાયત પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે સવારનો સમય હોવાથી તાત્કાલીક વિભાગમાં દર્દીઓનો ધસારો વધુ રહે છે. તેવા સમયે આરોપીઓને મેડીકલ તપાસ અર્થે લાવવામાં આવતા અન્ય દર્દીઓ તેમજ સગાઓને પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

ઘ-૫ સર્કલ નજીકમાં બહુમાળી પાર્કિંગ વિકસાવવાની જણાતી જરૂરિયાત

ચ-૫ થી ઘ-૫ થઈને ઘ-૪ સુધીના વિસ્તારમાં વધી રહેલા ટ્રાફિકના ભારણને પગલે પાર્કિંગની સમસ્યા વકરી

ગાંધીનગર, તા.૪

શહેરમાં વાહનોનો ટ્રાફિક દિન પ્રતિદિન વધી રહ્યો છે. જેના પગલે પાર્કિંગની સમસ્યા પણ વધી રહી છે. તાજેતરમાં ટ્રાફિક પોલીસ દ્વારા આડેધડ પાર્કિંગ કરનારા વાહનચાલકો સામે લાલ આંખ કરી હતી પરંતુ હજુ પણ આ સમસ્યા ઉકેલાઈ નથી. શહેરના મધ્યમાં ખાસ કરીને ચ-૫ ફુવારા સર્કલથી ઘ-૫ સર્કલ થઈને ઘ-૪ સુધીના માર્ગે દુકાનો-કચેરીઓ-બેંકો સહિત અનેક પ્રકારના કોમર્શિયલ એકમો વિકસેલા હોઈ આ વિસ્તારમાં પાર્કિંગ માટે અન્ય શહેરોની જેમ બહુમાળી પાર્કિંગ વિકસાવાય તેવી માંગ બળવત્તર બની રહી છે.

શહેરના સેકટર-૧૬માં પાટનગર યોજના ભવન હિતની અનેક સરકારી ઓફિસો ઉપરાંત મોટા ભાગની બેંકોની શાખાઓ, પેટ્રોલ પંપ, પોસ્ટ ઓફિસ, હોટલો, ખાણી પીણીબજાર, દુકાનો-શોરૂમ વગેરે કાર્યરત છે. આજ રીતે ૧૭-૨૨ ખાતે પણ સારા પ્રમાણમાં કોમર્શિયલ સંકુલો વિકસ્યા છે વળી આ બંને સ્થળે શાળાઓ અને દવાખાના પણ નજીકમાં જ ઉપલબ્ધ છે તેથી આ બંને વિસ્તારમાં દિવસ દરમિયાન મુલાકાતીઓની ભીડ મોટા પ્રમાણમાં જોવા મળે છે. અહીં અઢળક સંખ્યામાં ખાનગી વાહનો આવતા હોવાથી પાર્કિંગ માટે જગ્યા શોધવામાં વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે અને ના છૂટકે વાહન પાર્કિંગ રોડ પર કે અન્યત્ર કરવું પડે છે જેથી વાહન ટોઈંગ થઈ જવાની ભીતિ સતાવતી રહે છે. વળી, ઘ-૫ સર્કલ ઉત્તર ગુજરાત તરફના સ્થળો માટે એસ.ટી. બસ કે અન્ય વાહનોના મુસાફરો માટે મહત્વનો પીકઅપ પોઈન્ટ છે. અહીં મોટી સંખ્યામાં અપડાઉન કરતા વિદ્યાર્થીઓ જોવા મળે છે. આ પરિસ્થિતિમાં આ વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ પણ વધુ રહે છે. વળી, નજીકમાં જ મહાત્મા મંદિર, કાયમી એક્ઝિબીશન સેન્ટર, સ્વર્ણિમ પાર્ક, ટાઉનહોલ વગેરે હોવાને કારણે પણ મુલાકાતીઓ મોટી સંખ્યામાં પોતાના વાહનો સાથે આવે છે. આ સ્થિતિમાં વિકટ બનતી જતી પાર્કિંગ સમસ્યા માટે બહુમાળી પાર્કિંગ જેવી સુવિધાનો વિકલ્પ અપનાવાય તો રાહત રહે તેવું આ વિસ્તારના રહીશો તથા દુકાનધારકો અને કર્મચારીઓનું માનવું છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પૂર્વે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા પણ સંસ્થાની ચિંતન બેઠકમાં આ બાબતે ચિંતા વ્યકત કરી બહુમાળી પાર્કિંગ સુવિધા વિકસાવવા તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

સિવિલમાં સીટીસ્કેન મશીનનો પ્રારંભ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા અડધા દાયકાથી બંધ હતું. તંત્ર સમક્ષ વારંવાર નાગરીકોની તેમજ દર્દીઓની ભલામણને પગલે છ માસ પહેલા કરોડો રૂપીયાનું મશીન ગાંધીનગર સિવિલમાં લાવવામાં આવ્યું છે. આ સીટીસ્કેન મશીનને કાર્યરત કરવા માટે સર્ટીફિકેટ નહીં મળતા આ સેવા શરુ થઈ શકી ન હતી. ત્યારે ગઈકાલે રેડીએશન અંગે વિભાગની લીલી ઝંડી મળ્યા બાદ આજથી સીટીસ્કેન મશીનનો વિધીવત પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. સીટીસ્કેન મશીન કાર્યરત થતા જિલ્લાભરના દર્દીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા સિવિલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. દર્દીઓની આરોગ્યલક્ષી સેવામાં સુધારો થતા દર્દીઓનો ધસારો સિવિલમાં રહે છે. પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈન્ડોર બિલ્ડીંગમાં દર્દીઓની હાજર વિશેષ જોવા મળે છે. ત્યારે વર્ષોથી સિવિલમાં સીટીસ્કેન મશીન બંધ પડયું હતું. જયારે મશીન રીપેર કરાવવા માટે ખુબ જ ખર્ચો થાય તેમ હતો. ત્યારે ગંભીર ઈજા પામેલા દર્દીઓને અમદાવાદ સિવિલ રીફર કરવામાં આવતા હતા. ત્યારે દર્દીઓ તેમજ નાગરીકોની રજુઆતને પગલે કરોડો રૂપીયાનું સીટીસ્કેન મશીન વિદેશથી મંગાવવામાં આવ્યું છે. છ માસ મશીન પડી રહ્યા બાદ ઈનસ્ટોલ કરાયું છે. મશીનના રેડીએશનના પ્રમાણપત્રને પગલે મશીન દર્દીઓ માટે કાર્યરત કરી શકાયું ન હતું. આખરે અંતે ગઈકાલે પ્રમાણપત્ર મળી જતા આજથી સીટીસ્કેન મશીન કાર્યરત કરી દેવાયું છે.જેથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી બંધ પડી રહેલી સીટીસ્કેન મશીનની સેવાનો પ્રારંભ થયો છે. જેને પગલે જિલ્લાના દર્દીઓ તેમજ નાગરીકોમાં હેતની હેલી પ્રસરી જવા પામી છે.

આજે રામેશ્વર મહાદેવ સે-૩ ખાતે રૂદ્રાભિષેકનું આયોજન

ગાંધીનગર, તા.૪

રૂદ્રાભિષેક મંડળ દ્વારા વિક્રમ સંવત ૨૦૭૫ની કારતક માસની શિવરાત્રીના દિવસે રૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે.

રૂદ્રાભિષેક મંડળના મહામંત્રી બી.ડી. શર્માના જણાવ્યા પ્રમાણે પમી ડિસેમ્બર બુધવારના રોજ રામેશ્વર મહાદેવ મંદિર સે-૩ ખાતે સાંજે ૪.૩૦ કલાકે રૂદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારબાદ ૫.૩૦ કલાકે રૂદ્રાભિષેક મંડળના સુવર્ણ જયંતિની ઉજવણી નિમિત્તે અતિ રૂદ્રયાગના આગામી આયોજન અંગે, યાગના આયોજન તેમજ કામગીરીની સમક્ષા અંગે નિર્ણય કરવા મંડળની સામાન્ય સભા બોલાવવામાં આવેલ છે.

સચિવાલય સ્ટેનોગ્રાફર્સ એસોસીએશન દ્વારા નૂતનવર્ષનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

ગુજરાત સચિવાલય એન્ડ એલાઈડ ઓફીસીસ સ્ટેનોગ્રાફર્સ એસોસીએશન દ્વારા સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ, કુડાસણ, ગાંધીનગર ખાતે નૂતનવર્ષનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સચિવાલયના સ્ટેનોગ્રાફર્સ સભ્યો તેમના પરિવારજનો સહિત ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૨૦૧૮ના વર્ષ દરમ્યાન નિવૃત્ત થયેલ સભ્યોનું સન્માન તથા ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાયેલ અને ત્યારબાદ સ્વરૂચિ ભોજન લઈને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ઉવારસદ સ્થિત સદવિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ખાતે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૪

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર દ્વારા સદવિચાર પરિવાર વિકલાંગ પુર્નવાસ કેન્દ્ર ઉવારસદ ખાતે પેરાલિગલ વોલન્ટીયર વિમળાબેન અયાચી તથા ટીમ દ્વારા એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ખાસ મુખ્ય મહેમાનપદે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી અને સીવીલ જજ માન શ્રી પી.એમ. રાઠૌર ઉપસ્થિત રહ્યા હતા. જેમણે દિવ્યાંગ શ્રોતાઓને પ્રેરણાદાયી ઉદબોધન કર્યું હતું. પી.એલ.વી. વિમળાબેન અયાચીએ વિકલાંગોના કાયદા અને કાનૂની સહાય, રોજગારીની તકો તેમજ પીએલવી સુધીરભાઈ દેસાઈએ વિકલાંગ દિનનું મહત્વ અને કાયદાકીય સમજ આપી હતી.

આ શિબિરમાં મુખ્ય અતિથિ વિશેષ પદે શાળાના પ્રિન્સીપાલ ડૉ. એસ.એચ. ગમારા, આચાર્ય ભરતભાઈ પી. પ્રજાપતિ શિક્ષક દશરથભાઈ જી. ત્રિવેદી, પેરાલીગલ વોલન્ટીયર જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય, મહેન્દ્રભાઈ ચૌહાણ, સીતારામભાઈ પટેલ તથા નરેન્દ્રસિંહ વાઘેલા વગેરે હાજર રહ્યા હતા.

કાર્યક્રમના અંતે દિવ્યાંગ વિદ્યાર્થીઓને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ભરતભાઈ પ્રજાપતિ તથા દશરથભાઈ ત્રિવેદીએ કર્યું હતું.

આવતીકાલે ડૉ. બાબા સાહેબ આંબેડકર મહાપરિનિર્વાણ દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૪

ભારત રત્ન મહામાનવ ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના ૬૨મા મહાપરિનિર્વાણ દિને તા. ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ સવારે ૮.૩૦ થી ૧૧ કલાક દરમિયાન શ્રધ્ધાસુમન અર્પણ કરાશે. ગુજરાત વિધાનસભા સામે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સંકુલ 'પ્રેરણાભૂમિ' ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિના ઉપક્રમે રાખવામાં આ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

શહેરમાં નૂતન વર્ષની પ્રથમ લગ્ન સીઝનના ભરચક આયોજનો

લાઈટ-મંડપ ડેકોરેશન, ફોટો-વિડિયોગ્રાફી, કેટરીંગ, બ્યુટી પાર્લર સહિત અનેક વ્યવસાયમાં તેજી : શહેરના તમામ પાર્ટી પ્લોટ બુક

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં આ સપ્તાહના અંતમાં લગ્નસરાની મૌસમ પૂરબહારમાં ખિલશે. તા. ૧૫મી ડિસેમ્બર પછી કમૂરતાં બેસતા હોવાથી બાકી રહેલા દિવસોમાં અઢળક સંખ્યામાં લગ્ન સમારંભના આયોજન થયેલા જોવા મળી રહ્યા છે અને તેના પગલે શહેરના લાઈટ-મંડપ ડેકોરેશન વાળાથી માંડીને કેટરીંગ, ફોટો-વિડિયોગ્રાફી, ટેલરીંગ અને બ્યુટીપાર્લર, સાઉન્ડ સીસ્ટમ, ગીત-સંગીત-ઓરકેસ્ટ્રા બેન્ડ તથા વાહનો ભાડે આપનાર વગેરેના ધંધામાં અત્યારે ભરપૂર તેજી જોવા મળી રહી છે. આ સાથે સોના ચાંદીના ઘરેણાં કે વસ્ત્રોના વેપારીઓને ત્યાં ભીડ જોવા મળી રહી છે.

વિક્રમ સંવત ૨૦૭૫ના વર્ષની પ્રથમ લગ્ન સીઝનનો આ સપ્તાહથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. આગામી તા. ૮, ૯ અને ૧૦ ડિસેમ્બર દરમિયાન શહેરમાં અસંખ્ય લગ્ન સમારંભોના આયોજન કરાયા છે અને શહેરના તમામ સરકારી-ખાનગી પાર્ટી પ્લોટ આ તારીખમાં બુક થઈ ગયેલા છે. આમ તો તા. ૧૪મી ડિસેમ્બર સુધી લગ્નસરાની મૌસમ ચાલશે જેમાં સૌથી વધુ લગ્ન તા. ૮ થી ૧૦ ડિસેમ્બર દરમિયાન રજાઓ આવતી હોવાના કારણે આયોજિત થયેલા છે. પૂરબહારમાં ખિલવા જઈ રહેલી લગ્નસરાની મૌસમના પગલે શહેરના બજારમાં લગ્નસમારંભોને લગતા વ્યવસાયોમાં તેજી જોવા મળી રહી છે. ખાસ કરીને શહેરમાં રસોઈનું કામ કરતા કેટરીંગવાળા, લાઈટ-સાઉન્ડ અને મંડપ ડેકોરેશન તથા વસ્ત્રોના વેપારીઓ અને બ્યુટી પાર્લર વગેરેમાં એડવાન્સ બુકિંગની ભરમાર જોવા મળી રહી છે. છેલ્લી ઘડીએ મુશ્કેલી ઉભી ના થાય તે હેતુથી લગ્નના આયોજકો દ્વારા આ પ્રકારની જરૂરિયાતોને એડવાન્સમાં જ બુકી કરી દેવામાં આવી છે. આ સાથે ફોટોગ્રાફી-વિડિયોગ્રાફીનું કામ કરતા વ્યવસાયકો, વરઘોડા, સંગીત સંધ્યા કે રાસ ગરબા નાઈટ માટે બેન્ડવાજા, ઓરકેસ્ટ્રા કે મ્યુઝિક પાર્ટી ચલાવતા કલાકારો, ફુલહાર કે ગાડી સહિત અન્ય શણગારવાળા, ટ્રેડિશનલ ડિઝાઈનનું પેઈન્ટિંગ કરતા ચિત્રકારો, લગ્નવિધિ કરાવતા ગોર મહારાજો, જાન કે મામેરાં માટે લકઝરી બસ કે અન્ય ગાડીઓ વગેરેમાં પણ એડવાન્સ બુકિંગની બોલબોલા જોવા મળી રહી છે. પ્રિન્ટિંગ પ્રેસ અને સ્ક્રીન પ્રિન્ટીંગમાં પણ અત્યારે લગ્નની કંકોત્રીઓને પ્રાથમિકતા અપાઈ રહી છે.

વરઘોડિયા પ્રિ-વેડીંગ ફોટો-વિડિયો શુટમાં વ્યસ્ત

આજકાલ લગ્નમાં વર-કન્યાનું પ્રિ-વેડિંગ ફોટો-વિડિયો શુટ કરવાની ફેશન ખૂબ ચલણમાં છે જેને અનુલક્ષીને લગ્ન કરવા જઈ રહેલા જોડાં શહેરમાં સ્વર્ણિપાર્ક, સંત સરોવર, સરિતા ઉદ્યાન, ઈન્દ્રોડા પાર્કથી માંડીને અડાલજની વાવ કે દૂરના સ્થળો જેવા કે વિજયનગરની પોળો, ઈડરિયો ગઢ વગેરે સ્થળોએ ફોટો-વિડિયો શુટ કરાવવામાં વ્યસ્ત બન્યા છે.

શહેરમાં નગરજનોના ઘરમાં સરેરાશ ૪ થી ૫ લગ્ન કંકોત્રીઓ આવેલી જોવા મળે છે જેમાં મોટે ભાગે લગ્નની તારીખો એકસરખી આવતી હોવાથી નાગરિકો પણ કોને ત્યાં જવું અને કોને ટાળવું તેવી પ્રાથમિતા નક્કી કરવાની અવઢવમાં મુકાયેલા છે. આગામી વીક એન્ડથી સમગ્ર સપ્તાહ શહેરમાં શહેનાઈના સૂર અને લગ્નના ઢોલ ઢબૂકશે જેના પગલે સરકારી કાર્યાલયોમાં પણ કર્મચારીઓએ આગોતરી રજાઓ મુકી રાખી છે જેથી આગામી સપ્તાહે સચિવાલય સહિત સરકારી કાર્યાલયોમાં પાંખી હાજરી જોવા મળશે તે નિશ્ચિત છે.

ચિરવિદાય

- સ્વ. પંડયા ઠાકોરલાલ મણીલાલ, ઉ.વ. ૭૫
- સ્વ. બજાણીયા ચંપાબેન ભરતભાઈ, ઉ.વ. ૩૦
- સ્વ. ભરવાડ વિઠ્ઠલભાઈ પુંજાભાઈ, ઉ.વ. ૮૨
- સ્વ. સંતોષકુમાર દાસ, ઉ.વ. ૮૧
- સ્વ. દવે દામોદર ચંદુલાલ, ઉ.વ. ૭૧